**MEDIA COVERAGE –**

# Tata Power organizes an innovative 'Sit and Draw competition' to promote Road Safety Awareness among School Children in villages of Tunda, Vandh, Kandagra and Nana Badiya, Gujarat

**Divya Bhaskar, Bhuj**

**21 March 2012**

*Tata Power organizes an innovative 'Sit and Draw competition' to promote Road Safety Awareness*

## મુન્દ્રા તા.ના બાળકોમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવવા સીટ એન્ડ ડ્રો સ્પર્ધા યોજાઇ

ભાસ્કર ન્યૂઝ. ભુજ

કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ (સીજીપીએલ)એ મુન્દ્રા તાલુકના ટુન્ડા, વાંઢ, કાંડાગરા અને નાના બાંડિયા ગામોની શાળાના બાળકોમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવવા સીટ એન્ડ ડ્રો ચિત્ર સ્પર્ધાનું આયોજન કર્યું હતું. પ્રારંભે ઘર માર્ગ અને ઈલેક્ટ્રીકલ સલામતી અંગે પ્રેઝન્ટેશન તથા રોજિંદા જીવનમાં સલામતી પર ભાર મૂકવા અંગે નિદર્શન કરાયું હતું. કુલ ૧૨૫ વિદ્યાર્થીએ આ જાગૃતતા કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ પ્રસંગે સીજીપીએલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર આલોક કાનાગતે જણાવ્યું કે, સલામતી ઉપાયોને અનુસરવા જોઈએ.

**Saurashtra Bhoomi, Bhuj**

20 March 2012

*Tata Power organizes an innovative 'Sit and Draw competition' to promote Road Safety Awareness*

# ટાટા પાવર દ્વારા ગામોની શાળાના બાળકોમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ અભિયાન

અમદાવાદ,તા.૨૦ ભારતની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી સંકલિત પાવર યુટિલિટી કંપની ટાટા પાવરની સંપૂર્ણ માલિકીની પેટાકંપની કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ (સીજીપીએલ) એટુન્ડા, વાંધ, કંડાગ્રા અને ના બડિયા ગામોની શાળાના બાળકોમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવવા અનોખી સિટ એન્ડ ડ્રો ચિત્રસ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ ચિત્ર સ્પર્ધાનો વિષય માર્ગ સલામતી હતો.

આ સ્પર્ધા સીજીપીએલ ખાતે યોજાયેલા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે યોજાઈ હતી. શાળાના બાળકોમાં જાગરૂક્તા ફેલાવવાના સત્રમાં ઘર, માર્ગ અને ઈલેક્ટ્રીકલ સલામતી અંગે પ્રેઝન્ટેશન તથા રોજિંદા જીવનમાં સલામતી પર ભાર મૂકવા અંગે નિર્દેશન કરાયું હતું. ત્યારબાદ માર્ગ સલામતી પર આધારિત સિટ એન્ડ ડ્રો સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ પહેલનો હેતુ બને તેટલા વધુ શાળાના વિદ્યાર્થીઓને સલામતી અંગેના વિવિધ પાસાઓથી વાકેફ કરવાનો તથા મૂલ્યવાન માનવીય જીવનને અનિચ્છનિય અકસ્માતથી બચાવવાનો છે.

આ પહેલને આ ગામોમાં તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો. ટુન્ડા, વાંધ, કંડાગ્રા તથા નાના બડિયા ગામમાંથી કુલ ૧૨૫ વિદ્યાર્થીઓએ આ જાગરુક્તા કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

સીજીપીએલના પ્રાંગણમાં માર્ગ સલામતી દિવસની પૂર્ણાહુતિ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં શાળાના બાળકો અને તેમના શિક્ષકોને પણ આમંત્રણ અપાયું હતું. આ કાર્યક્રમમાં જ સિટ એન્ડ ડ્રો સ્પર્ધાના વિજેતાઓનું પણ સન્માન કરાયું હતું.

આ પ્રસંગે સીજીપીએલના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર આલોક કાનાગતે જણાવ્યું કે સલામતી અંગે જાગરૂક્તા અભિયાનને આપણા સમુદાય તરફથી સાંપડેલા ઉમળકાભર્યા પ્રતિસાદથી અમે અત્યંત આનંદની લાગણી અનુભવીએ છીએ. બાળકો આપણું ભવિષ્ય છે અને એ આપણી ફરજ છે કે આપણે તેમને રોજિંદા જીવનમાં સલામતી ઉપાયોને અનુસરવા અંગે પ્રેરણા આપી એક સુરક્ષિત રાષ્ટ્ર બનાવવાની દિશામાં આગળ વધીએ.

સીજીપીએલ એ ૪૦૦૦ મે.વો.ના મુંદ્રા યુએમપીપીની સ્થાપના અને સંચાલન માટે રચવામાં આવેલું સ્પેશિયલ પર્પઝ વેહિકલ (એસપીવી) છે. સીજીપીએલએ ગુજરાત, મહારાષ્ટ્ર, હરિયાણા, રાજસ્થાન અને પંજાબ એમ કુલ પાંચ રાજ્યોના સાત ખરીદદારો (વિતરણનું લાયસન્સ વધારનારા) સાથે કરાર મુજબની ક્ષમતાના વેચાણ માટે પાવર પર્ચેઝ એગ્રિમેન્ટ (પીપીએ) કર્યા છે. ભારતના સૌપ્રથમ યુએમપીપી મુંદ્રા પાવર પ્રોજેક્ટનું કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે અને ટૂંક સમયમાં કાર્યરત થવાની દિશામાં છે.

**Kutch Uday, Bhuj**

20 March 2012

*Tata Power organizes an innovative 'Sit and Draw competition' to promote Road Safety Awareness*

# ટાટા પાવર દ્વારા શાળાના બાળકોને માર્ગ સલામતીની સમજણ અપાઈ

મુન્દ્રા : ભારતની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી સંકલિત પાવર યુટિલિટી કંપની ટાટા પાવરની સંપૂર્ણ માલિકીની પેટાકંપની કોસ્ટલ ગુજરાત પાવર લિમિટેડ (સીજીપીએલ)એ ટુન્ડા, વાંઘ, કંડાગ્રા અને નાના ભડિયા ગામોની શાળાના બાળકોમાં માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવવા અનોખી સિટ એન્ડ ડ્રો ચિત્રસ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ ચિત્ર સ્પર્ધાનો વિષય માર્ગ સલામતી હતો.

આ સ્પર્ધા સીજીપીએલ ખાતે યોજાયેલ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના ભાગરૂપે યોજાઈ હતી. શાળાના બાળકોમાં જાગૃકતા ફેલાવવાના સત્રમાં ઘર, માર્ગ અને ઈલેક્ટ્રીકલ સલામતી અંગે પ્રેઝન્ટેશન તથા રોજીંદા જીવનમાં સલામતી પર ભાર મૂકવા અંગે નિદર્શન કરાયું હતું. ત્યારબાદ માર્ગ સલામતી પર આધારીત સિટ એન્ડ ડ્રો સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

આ પહેલનો હેતુ બને તેટલા વધુ શાળાના વિદ્યાર્થીઓને સલામતી અંગેના વિવિધ પાસાઓથી વાકેફ કરવાનો તથા મૂલ્યવાન માનવીય જીવનને અનિચ્છનિય અકસ્માતથી બચાવવાનો છે. આ પહેલને આ ગામોમાં તરફથી અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો. ટુન્ડા, વાંઘ, કંડાગ્રા તથા નાના ભડિયા ગામમાંથી કુલ ૧૨૫ વિદ્યાર્થીઓએ આ જાગૃકતા કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સીજીપીએલના પ્રાંગણમાં માર્ગ સલામતી દિવસની પુર્ણાહૂતી પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં શાળાના બાળકો અને તેમના શિક્ષકોને પણ આમંત્રણ અપાયું હતું. આ કાર્યક્રમમાં જ સિટ એન્ડ ડ્રો સ્પર્ધાના વિજેતાઓનું પણ સન્માન કરાયું હતું.

આ પ્રસંગે સીજીપીએલના એક્ઝિક્યુટી ડિરેક્ટર શ્રી આલોક કાનાગતે જણાવ્યું કે, સલામતી અંગેના જાગૃકતા અભિયાનને આપણા સમુદાય તરફથી સાંપડેલા ઉમળકાભર્યા પ્રતિસાદથી અમે અત્યંત આનંદની લાગણી અનુભવીએ છીએ. બાળકો આપણું ભવિષ્ય છે અને એ આપણી ફરજ છે કે આપણે તેમને રોજીંદા જીવનમાં સલામતી ઉપાયોને અનુસરવા અંગે પ્રેરણા આપી એક સુરક્ષિત રાષ્ટ્ર બનાવવાની દિશામાં આગળ વધીએ. સીજીપીએલ એ ૪૦૦૦ મે.વો.ના મુંદરા યુએમપીપીની સ્થાપના અને સંચાલન માટે રચવામાં આવેલું સ્પેશિયલ પર્પઝ વેહિકલ (એસપીવી) છે. સીજીપીએલએ ગુજરાત, મહારાષ્ટ્ર, હરિયાણા, રાજસ્થાન અને પંજાબ એમ કુલ પાંચ રાજ્યોના સાત ખરીદદારો (વિતરણનું લાયસન્સ ધરાવનારા) સાથે કરાર મુજબની ક્ષમતાના વેચાણ માટે પાવર પર્ચેઝ એગ્રિમેન્ટ (પીપીએ) કર્યા છે. ભારતના સૌપ્રથમ યુએમપીપી મુંદરા પાવર પ્રોજેક્ટનું કાર્ય ઝડપથી આગળ વધી રહ્યું છે અને તે ટૂંક સમયમાં કાર્યરત થવાની દિશામાં છે.

ટાટા પાવર કંપની લિ.એ દેશની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી પાવર યુટિલિટી કંપની છે જેની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા ૪૭૭૨ મે.વો.થી વધુ છે. ટાટા પાવર, પાવર ક્ષેત્રના તમામ વિભાગો જેમ કે ઉત્પાદન (થર્મલ, હાઈડ્રો, સોલાર તથા વિન્ડ), ટ્રાન્સમિશન તથા ટ્રેડિંગમાં ઉપસ્થિતિ ધરાવે છે. કંપની પાવર જનરેશન, ટ્રાન્સમિશન તથા ડિસ્ટ્રીબ્યુશનમાં સફળ જાહેર-ખાનગી ભાગીદારી ધરાવે છે. જેમાં ઉત્તર દિલ્હીમાં ડિસ્ટ્રીબ્યુશન માટે દિલ્હી વિદ્યુત બોર્ડ સાથે ટાટા પાવર દિલ્હી ડિસ્ટ્રીબ્યુશન લિમિટેડ ભુતાનથી દિલ્હી ઉર્જા લાવવા માટે પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લિ. સાથે પાવરલિન્ક્સ ટ્રાન્સમિશન લિ. તથા ઝારખંડના ૧૦૫૦ મે.વો.ના મેગા પાવર પ્રોજેક્ટ માટે દામોદર વેલી કોર્પોરેશન સાથે મૈથન પાવર લિ.નો સમાવેશ થાય છે. આ ઉપરાંત તેણે ઈન્ડોનેશિયાની કોલ કંપનીઓમાં ૩૦ ટકા હિસ્સો હસ્તગત કર્યો છે અને તે મુંદરા (ગુજરાત) ખાતે સુપર-ક્રિટિકલ ટેકનોલોજી આધારિત ૪,૦૦૦ મે.વો.નો ભારતનો સૌપ્રથમ અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટ વિકસાવી રહી છે. ટેકનોલોજી ક્ષેત્રે નેતૃત્વ, ગ્રાહકોની સંભાળ અને ભારતીય ઉર્જા ક્ષેત્રમાં નવા માપદંડ રચવાના તેના ગૌરવપૂર્ણ ઈતિહાસને આગળ ધપાવતી ટાટા પાવર કંપની પાંચ ગણી વૃદ્ધિ નોંધવા તરફ વધી રહી છે અને તે આગામી પેઢીઓના જીવનને પ્રકાશમય બનાવવા પ્રતિબદ્ધ છે.